# પ્રેસનોટ
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બીઆરટીએસ અને સીટીબસની સુવિધા રાહત દરે પુરી પાડવામાં આવી રહેલ છે.શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે.જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો–ઉત્તર વધારો થઈ રહેલ છે.હાલમાં બીઆરટીએસ ના કુલ ૧૩ રૂટ તેમજ સીટીબસ ના કુલ ૪૩ રૂટ ઉપર આશરે દૈનિક ૨,૨૫,૦૦૦ જેટલા નાગરિકો જાહેરપરિવહન સેવાનો લાભ લઈ રહેલ છે.

સાઉથ ઈસ્ટઝોન વિસ્તારમાં ખરવરનગર થી પર્વત પાટિયા તરફ જતા ભાઠેના જંકશન પર ફલાયઓવર બ્રિજ બનાવવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે.જેને ધ્યાને લઈ નડતરરૂપ બીઆરટીએસ બસ સ્ટેશન ખરવરનગર ખાડી કે જેને દૂર કરવાની કામગીરી શરૂ થવાની હોવાથી મુસાફરો માટે તા.૨૪/૦૧/૨૦૨૨ સોમવારના રોજથી કાયમ માટે બંધ કરવામાં આવે છે.વધુમાં ફલાયઓવર બ્રિજની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી ભાઠેના જંકશન બીઆરટીએસ સ્ટેશન તા.૨૪/૦૧/૨૦૨૨ સોમવારના રોજથી મુસાફરો માટે બંધ કરવામાં આવે છે.ફલાય ઓવર બ્રિજની કામગીરી પૂર્ણ થયેથી ભાઠેના જંકશન બીઆરટીએસ બસ સ્ટેશન ફરીથી મુસાફરો માટે કાર્યરત કરવામાં આવશે.

વધુમાં શહેરીજનોએ કોવિડ–૧૯નો ફેલાવો અટકાવવા માટે કેન્દ્ર/રાજય સરકાર દ્વારા વખતોવખત નિર્દેશિત કરવામાં આવેલ ગાઈડલાઈન્સનો અમલ કરવાનો રહેશે.મુસાફરી દરમિયાન ફરજિયાત માસ્ક પહેરવાનું રહેશે, સોશિયલ ડિસ્ટસીંગ જાળવવાનું રહેશે તેમજ મુસાફરી દરમિયાન કોવિડ વેકિસન લીધાનું સર્ટીફિકેટ સાથે રાખવાનું રહેશે.

શહેરીજનોએ આ બાબતે સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર<br>
સમાચાર યાદી નં. .........................<br>
તા. ૨૨/૦૧/૨૦૨૨